જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૭/૨૦૧૮ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૨૪૭/૧૮

ઓઢવ પોલીસ સ્ટેશનઃ

ઉપરી અધીકારીશ્રીઓ દ્વારા વોંન્ટેડ આરોપીઓ અને ગુમ થનાર બાળકોને શોધી કાઢવા સારુ મળતી સુચાનાઓ આધારે પોલીસ ઈન્સપેક્ટર શ્રી ઓઢ્વ પોલીસ સ્ટેશનના સીધા માર્ગદર્શન હેઠળ ઓઢ્વ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નંબર- ૧૦૪/૨૦૧૮ ઈપીકો કલમ- ૩૬૩, ૩૬૬, ના કામે ફરીયાદીશ્રી વીષ્ણુભાઈ શાંતુભાઈ તુવર ઉ.વ. ૪૮ રહેવાસી- ૧૧૫, ગીરીરાજનગર અંબીકા માતાના મંદીર પાસે, ઓઢ્વ અમદાવાદ શહેરની સગીર વય ની પુત્રી નામે કાજલ ઉ.વ. ૧૭ વર્ષ ઉ.વ. ૮ માસ ને ગઈ તા.૦૨/૦૫/૨૦૧૮ ના રોજ આ કામના આરોપી નામે યોગેશ શર્મા રહેવાસી- ઈંદીરાપાર્ક સોસા. આદીનાથનગર અમદાવાદ શહેરનાનો લલચાવી ફોસલાવી ફરીયાદીના કાયદેસરંના વાલીપણામાંથી ભગાડી અપહરણ કરી લઈ ગયેલ. જે ગુના આરોપી તેમજ સગીર યુવતી કાજલને શોધી કાઢવા સારુ સર્વેલેંસ સ્કોડ પો.સ.ઈ શ્રી એ.ડી.ભટ્ટ તથા હે.કો. અજીતસિહ રામસિહ બ.નં. ૭૯૧૨ તથા હે.કો. રામસીંહ લક્ષમણસીંહ તથા પો.કો ચંદ્રસીંહ લાખુંભા બ.નં. ૫૮૮૯ તથા પો.કો અતુલભાઈ સુખરામભાઈ બ.નં. ૮૬૦૬ નાઓને સાથે સદર ગુનો શોધી કાઢવા પ્રયત્નશીલ હતા. અને બાતમીદારોના સંપર્કમાં રહેલ. તે દરમ્યાન તા.૨૯/૦૬/૨૦૧૮ ના રોજ પેટ્રોલીગ દરમ્યાન પો.કો. અતુલભાઈ સુખરામભાઈ તેમજ પો.કો ચંદ્રસીંહ લાખુભા નાઓની સંયુકત બાતમી મળેલ કે આ ગુનાનો આરોપીનુ સાચુ નામ યોગેશ પપ્પુસીંહ જાતે રાજપુત રહેવાસી- બી.૧૩૫૨, ઈંદીરાપાર્ક આદીનાથનગર ઓઢવનુ જણાવેલ ચોક્કસ માહીતી મળેલ અને આ આરોપી સગીર છોકરી કોમલને આજરોજ સાંજે તેના ઘરે મુકી અને ઓઢ્વ રીંગા રોડ હોટેલ રોયલ પાસે હાઈવે ઉપર આવવાનો હોવાની ચોક્કસ બાતમી આધારે વોન્ટેડ આરોપીને તા.૨૯/૦૬/૨૦૧૮ કલાક ૨૨/૦૦ પકડી અટક કરવા આવેલ છે. તા.૨૯/૦૬/૨૦૧૮

**રામોલ પોલીસ સ્ટેશનઃ**

## મહારાષ્ટ્ર મુબંઇ શહેર ખાતે એક કરોડની ચકચારી આંગડીયા લુંટમાં વપરાયેલ અર્ટીકા ગાડી કિ.રૂ.૮,૦૦,૦૦૦/- ની કબ્જે કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

ઉપરી અધિકારીશ્રી નાઓ તરફથી આગામી રથયાત્રા તહેવાર અનુસંધાને મિલ્કત સબંધી તથા શરીર સબંધી ગુનાઓ બને નહિ તેમજ શોધી કાઢવા સારૂ સુચના કરવામાં આવેલ હોય જે આધારે અમારા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ શ્રી એ.ઓ.ભરવાડ સાહેબ નાઓ સ્ટાફના માણસોની સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૫/૦૦ વાગે સીટીએમ ચાર રસ્તા ખાતે આવતા સાથેના પો.કો ચેતનભાઇ રણછોડભાઇ તથા પો.કો શૈલેષભાઇ પોપટભાઇ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે એલ.ટી.માર્ગ પોલીસ સ્ટેશન મુબંઇ શહેર મહારાષ્ટ્રના ફસ્ટ ગુ.ર.નં.૧૬૦/૧૮ ધી ઇપીકો કલમ ૩૯૪, ૩૨૮, ૩૪૨, ૪૫૨, ૧૨૦ (બી) વિગેરે મુજબના ગુનાના કામે વપરાયેલ કાર નંબર જી.જે.૨૭.બી.ઇ.૯૫૧૦ જેનો એન્જીન નંબર ૭૧૪૮૬૨૪ તથા ચેસીસ નંબર ૦૦૪૩૪૯૯૩ નો લખેલ જેની કિ.રૂ. ૮,૦૦,૦૦૦/- ગણી સીઆરપીસી કલમ ૧૦૨ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

**સુરક્ષા સેતુ રથ :**

"આનંદનગર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "આનંદનગર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.









નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.